# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

***************************************************

1) સરકાર દ્વારા પ્રસિધ્ધ થયેલા જાહેરનામા સાથે વકફ (સુધારા) અધિનિયમ, 2025, આજથી અમલમાં આવ્યો
2) દ્વિપક્ષિય સંબંધોને નવી ઉંચાઇએ લઇ જવાના ધ્યેય સાથે દુબઇના પ્રિન્સ ક્રાઉને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરી
3) કોંગ્રેસની વિસ્તૃત કાર્યકારીણીની અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં સરદાર પટેલ અઁગેનો વિશેષ ઠરાવ પસાર કરાયો
4) જયપુરમાં વર્ષ 2008માં થયેલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટ કેસમાં ચાર આતંકવાદીઓને આજીવન કેદની સજા
5) વૈશ્વિક બજારોમાં તેજીના પગલે ભારતીય શેરબજારના સૂચકાંકો ઉછાળા સાથે બંધ રહ્યાં
6) આઇપીએલની મેચમાં કોલકત્તા નાઇટ રાઇડર્સ સામે લખનૌ સુપર જાયન્ટસનો રોમાંચક વિજય

..................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# WAQF- NOTIFICATION

વકફ (સુધારા) અધિનિયમ, 2025, આજથી અમલમાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા કાયદાને આપવામાં આવેલી સંમતિ બાદ સરકારે આ અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ છે.. ગયા અઠવાડિયે, સંસદના બંને ગૃહોએ આ કાયદો પસાર કર્યો હતો. નવા કાયદાનો ઉદ્દેશ્ય વકફ મિલકતોના સંચાલનને સુવ્યવસ્થિત કરવાનો છે, જેમાં વારસાગત સ્થળોનું રક્ષણ અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ છે.

. . . . . . . . . . . . . . .

# NEW PREZ - PORTUGAL VISIT

પોર્ટુગલની મુલાકાતના બીજા અને અંતિમ દિવસે, ભારતના રાષ્ટ્રપતિને એસેમ્બલીયા દા રિપબ્લિકામાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. રાષ્ટ્રપતિને ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર મળ્યું અને એસેમ્બલીયા દા રિપબ્લિકાના રાષ્ટ્રપતિએ તેમનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિએ જોસ પેડ્રો એગુઆર-બ્રાન્કોએ પોર્ટુગલની એસેમ્બલીના સ્પીકર જોસ પેડ્રો એગુઆર-બ્રાન્કો સાથે વ્યક્તિગત મુલાકાત કરી.

બંને નેતાઓએ વિવિધ દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરી. બંને દેશો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો પણ યોજાઈ.

રાષ્ટ્રપતિએ ચંપાલીમો ફાઉન્ડેશનની પણ મુલાકાત લીધી અને સંશોધકો સાથે વાતચીત કરી. રાષ્ટ્રપતિએ મહાત્મા ગાંધી અને કસ્તુરબા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. રાષ્ટ્રપતિએ લિસ્બનમાં રાધાકૃષ્ણ મંદિરની પણ મુલાકાત લીધી.

. . . . . . . . . . . . . . .

## PM MUDRA YOJNA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે મુદ્રા યોજનાએ મહિલાઓને માત્ર નાણાકીય સહાય જ નહીં, પરંતુ તેમના વ્યવસાયનું નેતૃત્વ કરવા અને તેમને વિકસાવવાની તકો પણ ઉભી કરીને સશક્ત બનાવી છે. તેમણે આ યોજના દ્વારા આવેલા નોંધપાત્ર પરિવર્તનનો પણ ઉલ્લેખ કર્યો હતો.. શ્રી મોદીએ યોજનાની 10મી વર્ષગાંઠ પર પ્રધાનમંત્રી નિવાસસ્થાને યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો..

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

. . . . . . . . . . . . . . .

## PM MUDRA YOJNA NADDA

આજે 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના'ના દસ વર્ષ થયાં છે. આ પ્રસંગે ભાજપાના અધ્યક્ષ જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે, આ યોજના નાના ઉદ્યોગોને આત્મનિર્ભર અને સશક્ત બનાવવામાં ખૂબ અસરકારક રહી છે.

નડ્ડાએ મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી અને લખ્યું કે, 8 એપ્રિલ, 2015 ના રોજ શરૂ કરાયેલી 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના' નાના ઉદ્યોગોને આત્મનિર્ભર અને સશક્ત બનાવવામાં અત્યંત અસરકારક રહી

છે. આ અંતર્ગત, 52 કરોડથી વધુ લાભાર્થીઓને ગેરંટી-મુક્ત લોનનું વિતરણ કરવામાં આવ્યું છે, જેમાંથી લગભગ 70 ટકા મહિલા લાભાર્થીઓ છે. આ મહત્વાકાંક્ષી યોજનાએ છેલ્લા 10 વર્ષમાં લાખો નાગરિકોને સ્વરોજગાર ઉપલબ્ધ કરાવીને દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી છે. તેમણે દેશવાસીઓની આર્થિક સમૃદ્ધિ, આત્મનિર્ભરતા અને આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવાની આ અનોખી સિદ્ધિ બદલ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . . . .

## FUR. REV EVE DUBAI CROWN PRINCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં દુબઈના ક્રાઉન પ્રિન્સ, નાયબ પ્રધાનમંત્રી અને યુએઈના સંરક્ષણ મંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ અલ મક્તૂમને મળ્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે દુબઈએ ભારત-યુએઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે આ ખાસ મુલાકાત ભારત-યુએઈની ગાઢ મિત્રતા દર્શાવે છે. આ અગાઉ ક્રાઉન પ્રિન્સે વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી.

ક્રાઉન પ્રિન્સ તેમના અનેક મંત્રીઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને ઉચ્ચ સ્તરીય વ્યાપાર પ્રતિનિધિમંડળ સાથે આજે સવારે નવી દિલ્હી પહોંચ્યા હતા.

ક્રાઉન પ્રિન્સ મુંબઈ જશે, જ્યાં તેઓ બંને પક્ષોના અગ્રણી વ્યાપારી નેતાઓ સાથે વ્યાપાર વધુ મજબૂત બનાવવા ચર્ચા વિચારણા કરશે.

. . . . . . . . . . . . . . .

## CONGRESS- CWC

કોંગ્રેસની સર્વોચ્ચ નિર્ણય લેતી વિસ્તૃત કેન્દ્રીય કાર્યકારિણી સમિતિની બેઠક અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાઈ હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને AICCના મહાસચિવ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે આજની બેઠકમાં પક્ષને લગતી અનેક ચર્ચાઓ થઈ હતી. તેમણે કહ્યું કે પાર્ટીના સભ્યોએ સરદાર વલ્લભભાઈ પટેલ અંગે એક વિશેષ ઠરાવ પસાર કર્યો હતો. કોંગ્રેસ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે આવતીકાલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનાર AICC સત્રમાં રાષ્ટ્રીય રાજકારણ અને ગુજરાતની રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા થશે.

(બાઇટ: જયરામ રમેશ)

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## REV. RAJASTHAN COURT

જયપુરની વિશેષ અદાલતે 17 વર્ષ પહેલાં જયપુરમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોના કેસમાં ચાર આતંકવાદીઓને આજીવન કેદની સજા ફટકારી છે. ખાસ અદાલતના ન્યાયાધીશ રમેશ કુમાર જોશીએ આજે સજા સંભળાવી છે. 4 એપ્રિલના રોજ, કોર્ટે સૈફુર રહમાન, મોહમ્મદ સૈફ, મોહમ્મદ સરવર આઝમી અને શાહબાઝ અહેમદને દોષિત ઠેરવ્યા હતા. 600 પાનાના ચુકાદામાં નોંધ્યું છે કે આવા ગુનેગારો પ્રત્યે કોઈ પણ પ્રકારની ઉદારતા દાખવી શકાય નહીં. 13 મે, 2008 ના રોજ જયપુર શહેરમાં થયેલા બોમ્બ વિસ્ફોટોમાં 71 લોકો માર્યા ગયા હતા અને 185 અન્ય ઘાયલ થયા હતા. ચાંદપોલ બજારમાં નવમો બોમ્બ મળી આવ્યો હતો અને તે ફૂટે તે પહેલાં જ તેને નિષ્ક્રિય કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . .

## JAIPUR- DRUNK DRIVE INCIDENT

રાજસ્થાનના જયપુરમાં ગઈકાલે રાત્રે નશો કરીને બેફામ વાહન ચલાવીને એક કારચાલકે નવ લોકોને અડફેટે લેતાં ભાઇ બહેન સહિત ત્રણનાં મોત થયા હતા. આ ઘટના બાદ લોકોમાં રોષ ફાટી નિકળ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ નશાની હાલતમાં રહેલા કારચાલકને પકડીને પોલીસને હવાલે કર્યો હતો.. આ ઘટના જયપુરના નાહરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. ઘટના બાદ સાવચેતીના પગલા તરીકે, સમગ્ર વિસ્તારમાં પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા. એડિશનલ ડીસીપી બજરંગ સિંહ શેખાવતે જણાવ્યું હતું કે આ કેસમાં અત્યાર સુધીમાં બે ફરિયાદ નોંધવામાં આવી છે..

. . . . . . . . . . . . . .

## STOCKS CLOSE

ગઇકાલના ભારે કડાકા બાદ આજે ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી..

વૈશ્વિક બજારોમાં તેજીનો માહોલ સર્જાયા બાદ ભારતીય શેરબજારના સેન્સેક્સ અને નિફ્ટી બંને સૂચકાંકો લગભગ દોઢ ટકાથી વધુ વધ્યા હતા. તમામ ક્ષેત્રોમાં ખરીદીના પગલે  સેન્સેક્સ એક હજાર 89 પોઈન્ટ વધીને 74 હજાર 227 પર બંધ થયો હતો, જ્યારે  નેશનલ સ્ટોક એક્સચેન્જ નિફ્ટી 374 પોઈન્ટ વધીને 22 હજાર 536 પર બંધ થયો હતો. BSE ખાતે મિડ-કેપ સૂચકાંક 1.8 ટકાથી વધુ અને સ્મોલ-કેપ સૂચકાંક 2.1 ટકાથી વધુ વધ્યા હતા.

. . . . . . . . . . . . . .

# Regional Rural Banks

નાણાકીય સેવાઓ વિભાગ, DFS એ "એક રાજ્ય એક RRB" ના સિદ્ધાંતને આધારે 26 પ્રાદેશિક ગ્રામીણ બેંકોના વિલીનીકરણની સૂચના આપી છે. RRBs ના વિલીનીકરણનો આ ચોથો તબક્કો છે. ભૂતકાળમાં વિલીનીકરણને કારણે RRBs ની કાર્યક્ષમતામાં થયેલા સુધારાને ધ્યાનમાં રાખીને, નાણા મંત્રાલયે ગયા વર્ષે નવેમ્બરમાં એક વિલીનીકરણ યોજના રજૂ કરી હતી. હાલમાં, 26 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં 43 RRBs કાર્યરત છે. વિલીનીકરણ પછી 28 RRBs હશે, જેમાં 700 જિલ્લાઓને આવરી લેતી 22 હજારથી વધુ શાખાઓ હશે.

. . . . . . . . . . . . . .

# IPL

IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે લખનઉ સુપર જાયન્ટ્સનો 4 રનથી રોમાંચક વિજય થયો છે. લખનઉ સુપર જાયન્ટ્સની ટીમે પ્રથમ બેટિંગ 20 ઓવરમાં 3 વિકેટે 238 રન બનાવ્યા હતા, 239 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે 20 ઓવરમાં 7 વિકેટે 234 રન બનાવ્યા હતા. આજે બીજા મુકાબલામાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે પંજાબ કિંગ્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે પંજાબ કિંગ્સના 5 ઓવરમાં 3 વિકેટે 54 રન થયા છે.

. . . . . . . . . . . . . .